# કાઉન્ટ ડાઉન

સન 2024 (સ્પેસ મિશન ડે)

હાલક-ડોલક થતી નાવનું સંતુલન રાખવા થોડીવાર નાવની વચ્ચે ઊભા રહી, પોરુનઇ પોતાના હાથમાં રહેલી જાળને એકચિત્તે સંકેલવા લાગ્યો. જાળનું ગૂંચળું તૈયાર થતાં તેણે સંપૂર્ણ તાકાતથી તેને પાણીમાં ફેંકી. જાળ અર્ધગોળાકાર વ્યૂહમાં ફેલાઈને પાણી પર જઈ પડી. સવારની પહેલી જ જાળ નાખ્યાં પછી થોડી માછલી મળવાની આશાએ હજુ પોરુનઇ નીચે બેસવા જઈ રહ્યો હતો ત્યાં તેનો સાથી પેરુમલ તમિલ ભાષામાં પોતાની આગવી શૈલીમાં થોડા આશ્ચર્યનાં ભાવ સાથે બોલ્યો, 'અય્યો... પોરુનઇ, બોટમાં જોખમ નથી ને? હોય તો ફેંકી દે. જો સામે પેટ્રોલિંગ બોટ આવે છે.' પોરુનઇ પોતાની પીઠ પાછળ ફરીને જોવાની પરવાહ કર્યા વિના સ્ફૂર્તિથી પોતાની બેઠકના પાટિયા નીચેથી એક પોટલી કાઢી, તેને એક લોખંડના નાનકડાં ટુકડા સાથે બાંધી, ધીરેથી પાણીમાં ફેંકી દીધી. પછી પાછળ ફરીને જોયું તો પેટ્રોલિંગ બોટ એકદમ નજીક આવી ગઈ. પોરુનઇના છાતીના થડકારા તેને ખુદને સંભળાતા હતા.

'... ... ...' જેમ બંદુકમાંથી ગોળી છૂટે તેમ ધાણીફૂટ ગાળો બોલતો કોસ્ટલ ઑફિસર તાડૂક્યો, 'બે દિવસથી ઘરે ઘરે બરાડા પાડીને કહી ગયા છીએ કે, આજના દિવસે કોઈએ માછીમારી કરવા બોટ બહાર નથી કાઢવાની, એ વાત ભેજામાં ઉતરતી નથી કે પછી માર ખાધા વિના સમજાતું નથી.' '... ... ...' ફરી ગંદી ગાળોની રમઝટ.

'સાહેબ, અમે બે દિવસથી વેનાડુ દ્વીપ પર ફસાયા હતા. અમારી બોટ બગડી હતી.' બે હાથ જોડી વાદળી ચોકડીવાળી લૂંગી અને ફાટેલું ગંજી પહેરેલ વૃદ્ધ પેરુમલ કાકલૂદી કરતો બોલ્યો.

'ચૂપ કર મવાલી' પોતાના સાથેના સ્ટાફ તરફ ફરતાં ઑફિસર બોલ્યો. 'આ બંનેને બે દિવસ હવાલાતમાં નાખો. સાલા ગમાર...'

'સર, હું આ બંનેને ઓળખું છું, તે અટ્ટકાનીટીપ્પા ટાપુના રહેવાસી છે. સીધા-

સાદા છે. જોખમ નથી.' એક કોસ્ટગાર્ડ બોલ્યો. થોડી કોસ્ટગાર્ડની સમજાવટ, બંને માછીમારોની કાકલૂદીથી અને થોડી એ ઑફિસરની અનુભવી દૃષ્ટિથી બન્નેને ઝડપથી પુલિકટ ઝીલ છોડીને જતા રહેવાની સૂચના અપાઈ. પેટ્રોલિંગ બોટ સડસડાટ આગળ નીકળી ગઈ. ઝડપથી પોતાની જાળ સંકેલતાં પોરુનઇ બોલ્યો, 'અન્ના, આજે માછલી પણ ના ભેગી થઈ અને ઉપરથી મોંઘા ભાવનો ગાંજો પણ વેડફાઈ ગયો.'

'પણ આ લોકો આજે પુલિકટમાં જવાની ના કેમ કહે છે?' પોતાના માથા પરનું ફાળિયું બાંધતાં પેરુમલ બોલ્યો. જાળ સંકેલી. બોટમાં મૂકી. બોટનું એન્જિન શરૂ કરવા દોરી ખેંચતાં પોરુનઇ બોલ્યો, 'યાદ આવ્યું, આ લોકો કૈક મોટું રૉકેટ છોડવાના છે અને આ વખતે તો પ્રધાનમંત્રી જાતે રૉકેટ છોડવા આવવાના છે.'

'આપણે ક્યાં એમાં બટન દબાવવામાં હાથ આડો કરવાના તે આપણને રોટલા-પાણી વિના રાખે?' દ્વીપ પર પોતાનું જીવન કાઢી નાખનાર વૃદ્ધ પેરુમલ નિઃસાસો નાખતા નિર્દોષભાવે બોલ્યો.

'અન્ના, બધા મોટા માણસો કહેવાય, તેઓની સુરક્ષા માટે આવું બધું કરવું પડે.' બોટને અટ્ટકાનીટીપ્પા તરફ ભગાવતા પોરુનઇ બોલ્યો. એ જ સમયે દૂર દેખાતા પુલ પર મોટરનો મોટો કાફલો જતો જણાયો. આગળ ચાલતી જીપની કાન ચીરી નાખતી સાયરને બન્ને માછીમારનું ધ્યાન એ તરફ દોર્યું. અવારનવાર આ રસ્તે અધિકારીઓના અને સુરક્ષા જવાનોની ગાડીઓ તથા વિશાળકાય પુરજાઓ લઈ જતા ટ્રકને પેરુમલે પોતાના જીવનકાળ દરમિયાન જોયેલા. તેને યાદ આવ્યું કે પોતાની યુવાનીમાં આ જ રસ્તે અધિકારીઓ બળદગાડામાં પુરજાઓ લઈ આવતા અને વાતો થતી કે આ લોકો ચાંદ પર જવાની હોડી બનાવે છે. પોતાની દુનિયામાં મગ્ન અને પ્રકૃતિના ખોળે ઉછરતાં નિર્દોષ લોકોને ભણેલ ગણેલ કોટ-પેન્ટ પહેરેલાઓની મૂર્ખાઈ પર હસવું આવતું હતું. થાળી જેવડા ચાંદા પર મહાકાય હોડી તે કંઈ ઊભી રહેતી હશે?

■

સુરક્ષાદળના બે જવાનો પ્રધાનમંત્રીના કાફલાની રાહ જોતા કંટાળ્યા હતા. તેઓ સમય પસાર કરવા વાતોએ વળગ્યા. એક બિહારનો અંતરિયાળ વિસ્તારમાંથી આવતો હતો અને બીજો મુંબઈથી. બિહારી યુવાન બોલ્યો, 'આ

વેરાન જગ્યાએ વળી સ્પેસ-સ્ટેશન બનાવવાની શું જરૂર હશે?' મુંબઈનો જવાન દૂર યાયાવર પંખીઓ પર નજર નોંધી વિચારવા લાગ્યો.

'દક્ષિણ ભારતના પૂર્વીય તટ પર આંધ્રપ્રદેશ અને તમિલનાડુની સરહદ પર ચેન્નાઈથી લગભગ 80 કિલોમીટર દૂર બંગાળની ખાડી સાથે જોડાયેલું વિશાળ ખારા પાણીનું સરોવર પુલિકટ. આ સરોવર માત્ર એક જળાશય જ નથી, પણ એક આગવી સૃષ્ટિ પોતામાં સમાવીને હિલોળા લઈ રહેલું વિસ્મયકારક વિશ્વ છે. અટ્ટકાનીટીપ્પા ટાપુ પર યાયાવર પક્ષી ફ્લેમિંગો અભ્યારણ પક્ષીવિદોને આકર્ષે છે, તો અલગ અલગ પ્રકારની માછલી અનેક લોકોનું ભરણપોષણ પણ કરે છે. તેના કિનારા પર અને અંદરના નાના ટાપુઓ પર અનેકવિધ લાક્ષણિકતા ધરાવતી લોકસંસ્કૃતિ શ્વસે છે. તાડ, નાળિયેરી, બાવળથી હરિયાળો ટાપુ પ્રકૃતિની પ્રતિકૃતિ સમો ભાસે છે. સરોવર અને સમુદ્રને અલગ કરતો મદારીની મોરલી આકારનો આ વિશાળ ટાપુ શ્રીહરિકોટા. આ માત્ર સમુદ્રથી સરોવરની વચ્ચે જ નહીં, અવકાશ અને ધરતી વચ્ચે સ્થિત ભારતને ગૌરવાન્વિત કરતો ટાપુ છે. આ સરોવરમાં અનેક નાના મોટા દ્વીપ આવેલા છે. ટાપુનો મહત્તમ હિસ્સો આંધ્રપ્રદેશમાં આવેલો છે અને થોડો તમિલનાડુમાં. આ ટાપુ પર પ્રાચીન કાળથી માછીમારો વસવાટ કરે છે. આંધ્રની ભાષા તેલુગુ છે, પણ અહીંના માછીમારો તમિલ ભાષા બોલે છે. જ્યારથી શ્રીહરિકોટા ઇસરોનું મુખ્ય મથક બન્યું ત્યારથી આ ટાપુ પર સમગ્ર દેશમાંથી આવેલા વૈજ્ઞાનિકો વસવાટ કરે છે. સન 1969માં અવકાશી પ્રક્ષેપણ કેન્દ્ર તરીકે પસંદગી થઈ એ પહેલાં આ ટાપુ છુટા છવાયા માછીમારોની વસાહતો સિવાય લગભગ જંગલ વિસ્તાર હતો.'

'શ્રીહરિકોટાને મિસાઈલ પ્રક્ષેપણ મુખ્યમથક તરીકે પસંદ કરવા પાછળનો હેતુ સુરક્ષાની સાથે ભૌગોલિક રીતે પણ મહત્ત્વપૂર્ણ હતો. ભારતના દુશ્મન દેશો પાકિસ્તાન અને ચીન કરતાં દૂર હોવાની સાથે પૂર્વીય તટ પર હોવાથી મિસાઈલના પ્રક્ષેપણ બાદ તેના ખરતા બિનજરૂરી પુરજાઓ જમીન પર પડવાના બદલે સમુદ્રમાં પડે છે, જેથી જાનમાલનું નુકસાન થતું નથી, તેમજ લગભગ 0.4 કિ. મી./સેકન્ડના વધારાના વેગનો લાભ મળે છે. જે પ્રકાશવર્ષમાં કાપવાના અવકાશી માર્ગ માટે બહુ ફાયદાકારક છે. હરિકોટા ટાપુ પરનું ઇસરોનું 'સતીશ ધવન સ્પેસ સેન્ટર' અવકાશી આવનજાવન, મિસાઈલ પરીક્ષણ અને ઉપગ્રહ લૉન્ચિંગ માટે ભારતનું જ નહીં, સમગ્ર વિશ્વ માટે મહત્ત્વનું સ્થાન છે.'

સેનિટાઇઝ વાનની કર્કશ સાયરને જવાનનું ધ્યાન ભંગ કર્યું. તેણે સામે જોયું તો મુખ્ય ભૂમિ સાથે હરિકોટા ટાપુને જોડતો પુલ આજે સૂમસામ હતો. થોડા થોડા અંતરે તેના સાથી અર્ધલશ્કરી દળના જવાનો ખડેપગે ઊભા હતા. અમુક અંતરે SPGના અધિકારીઓ અને કમાન્ડો પણ હાજર હતા. આજે દેશના પ્રધાનમંત્રી નજર આવવાના હતા. એક સુરક્ષા અધિકારીના દૂરબીનમાં પુલકિટ સરોવરમાં દૂર એક નાની નૌકા નજર આવે છે અને તુરંત ત્યાંના તૈનાત કોસ્ટગાર્ડ અધિકારીને જાણ કરે છે. ગણતરીની સેકન્ડોમાં કોસ્ટગાર્ડની સ્પીડ બોટ પેલી શંકાસ્પદ નૌકા (પોરુનઇ અને પેરુમલની નૌકા) પાસે પહોંચી, તેને ખદેડી સુરક્ષા અધિકારીને સૂચના આપે છે કે તે સ્થાનિક માછીમાર હતા. ઑફિસર તરત પ્રધાનમંત્રી કાફલાની પાઇલોટ કારને ઓલ ક્લિયરની સૂચના આપે છે અને ગણતરીની સેકન્ડોમાં પ્રધાનમંત્રી કાફલો પુલ પરથી પસાર થાય છે.

પ્રધાનમંત્રી મુખ્ય લૉન્ચિંગ પેડથી થોડે દૂર આવેલ ‘સતીશ ધવન સ્પેસ સેન્ટર’ના પ્રાંગણમાં આવે છે. પ્રધાનમંત્રી માટે લાલ જાજમ પાથરવામાં આવી છે. અનેક ઍંગલથી પ્રધાનમંત્રીને કચકડે કંડારવા સેંકડો કૅમેરા અને ડ્રોન ગોઠવાયેલા છે. પ્રધાનમંત્રી પોતે અત્યાધુનિક મર્સિડીઝ કારમાંથી ઉતરે છે. આંધ્રના મુખ્યમંત્રી તેમનું સ્વાગત કરે છે. ત્યારબાદ સ્પેસ પ્રોગ્રામના મુખ્ય સંયોજક ડૉ. અભિનવ ગુપ્તા તેમને આવકારે છે. પ્રધાનમંત્રી લૉન્ચિંગ માટે બનાવેલ કેબિન બાજુ જતાં જતાં કૅમેરા તરફ હાથ હલાવી દેશની જનતાનું અભિવાદન ઝીલી રહ્યા છે. દેશની 140 કરોડ જનતા આજે બધું જ કામ પડતું મૂકી ટીવી સામે ગોઠવાઈ ગઈ છે અને કેમ ન ગોઠવાય? આજે આખું વિશ્વ ભારતને આદરભરી નજરે જોતું થાય તેવી અભૂતપૂર્વ સિદ્ધિથી એ થોડી મિનિટો દૂર હતું. આખા દેશમાં રાષ્ટ્રીય રજા જેવો માહોલ બન્યો છે. ઠેરઠેર ઉત્સવો થઈ રહ્યા છે અને શાળાઓમાં મોટા મોટા LED પર બાળકોને આ કાર્યક્રમ નિહાળવાનો સામૂહિક કાર્યક્રમ ગોઠવાયો છે. નાસા પણ જે નથી કરી શક્યું તે ભારતના વૈજ્ઞાનિકો આજે અવકાશમાં એક સાથે નવ ઉપગ્રહ લૉન્ચ કરીને કરવાના હતા.

‘પ્રોજેક્ટ ત્રિનેત્ર’ અંતર્ગત સંજય-1, સંજય-2 અને સંજય-3 ઉપગ્રહ જે હાઈટેક 3D કૅમેરાથી સજ્જ છે. ‘પ્રોજેક્ટ મત્સ્યવેધ’ અંતર્ગત ત્રણ ઉપગ્રહ જે વીજાણુ યંત્રોને અને ઇન્ટનેટથી ચાલતી કોઈપણ શંકાસ્પદ હિલચાલ પકડી

અને તેને જામ કરવા અને લોકેશન ટ્રેસ કરવા જેવી ખૂબીઓથી સજ્જ છે. જેના નામ અનુક્રમે અર્જુન, કર્ણ અને એકલવ્ય છે. અન્ય ત્રણ ઉપગ્રહો 'પ્રોજેક્ટ સુદર્શન' અંતર્ગત મિસાઈલવાહક છે, જે પેલા છ ઉપગ્રહોના સુરક્ષાગાર્ડ સમાન છે. જો કોઈ દુશ્મન ઉપગ્રહોને નુકસાન પહોંચાડવા કે કોઈ અજાણી ઉલ્કા સાથે તેના ટકરાવની પરિસ્થિતિ આવે તો આ મિસાઈલ સજ્જ સેટેલાઇટમાંથી ઑટો ગાઇડેડ મિસાઈલ અમુક અંતરની દૂરી પહેલાં જ તેને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે. જેના નામ ભીમ, મારુતિ અને શિવા છે. જરૂર પડ્યે આ મિસાઈલથી ધરતી પર પણ ઍટેક કરી શકાય તેવી ટેક્નૉલૉજીથી સજ્જ છે. ખાસ વાત એ હતી કે આ નવ ઉપગ્રહ વડે સમગ્ર પૃથ્વીને 24 કલાક આવરી શકાય તેવી વિશિષ્ટ ભ્રમણકક્ષામાં પ્રસ્થાપિત કરવામાં આવશે. આ પગલાથી ભારત આવનાર સમયમાં મહદંશે સુરક્ષિત બની જવાનું હતું.'

'પ્રોજેક્ટ ત્રિનેત્ર', 'પ્રોજેક્ટ મત્સ્યવેધ' અને 'પ્રોજેક્ટ સુદર્શન'નું સંચાલન સેનાના ત્રણેય પાંખના વડાના નિયંત્રણમાં હતું. દરેક પ્રોજેક્ટનું સંચાલન અલગ અલગ હતું. ક્યાં પ્રોજેક્ટનું સંચાલન કોણ કરી રહ્યું છે તે વાત અન્ય પાંખના વડાને પણ ખબર ન હતી. દરેક વડાએ પોતાના કામની જાણ દેશના CDSને કરવાની રહેતી. એ સિવાય ફક્ત પ્રધાનમંત્રી આખું આયોજન જાણતા હતા. બાકીના સહુથી આ પ્રોજેક્ટની જાણ સંપૂર્ણ ગુપ્ત હતી, પણ ભવિષ્યના ગર્ભને ક્યાં કોઈ પામી શક્યું છે? અજર અમર હોવાના અનેક મહાબલીઓના ભ્રમ ચકનાચૂર થઈ ગયા છે. જ્યારે કોઈ શક્તિ પ્રબળ બને છે ત્યારે તે માત્ર એક દિશામાં જ નથી વિસ્તરતી, તે વિસ્તરે છે દસેય દિશામાં! શક્તિ હકારાત્મક દિશામાં વિસ્તરે એટલી જ નકારાત્મક દિશામાં પણ વિસ્તરે છે. હકારાત્મક શક્તિનો ઉપયોગ કરવાવાળા અણીના સમયે ઉપયોગ કરે છે, જ્યારે નકારાત્મક શક્તિનો ઉપયોગ કરનારા સતત પ્રયત્નશીલ હોય છે, એટલે નકારાત્મક શક્તિ હંમેશાં એક ડગલું આગળ જ હોય છે.

પ્રધાનમંત્રી લૉન્ચિંગ સેન્ટરના હોલમાં તૈયાર કરેલ મંચ પર ઉપસ્થિત થયા. તેઓએ બે મિનિટ ભારતીય વૈજ્ઞાનિકોને સંબોધન કર્યું અને નિયત સમયે લૉન્ચિંગ માટેના પ્રેસ બટન તરફ આગળ વધ્યા. પૂરા 'ચક્રવ્યૂહ સ્પેસ પ્રોગ્રામ'ના પ્રોજેક્ટ હેડ ડૉ. આરાધના સેન આ આખા કાર્યક્રમને આખરી ઓપ આપી રહ્યા હતા. પોતાની કેબિનમાં બેસી લૉન્ચિંગ માટે કાર્યરત અનેક વૈજ્ઞાનિકોને

જરૂરી સૂચના આપી રહ્યા હતા. તેઓ કાર્યની અગત્યતા જોતા પ્રધાનમંત્રીના સત્કારમાં ઉપસ્થિત ન રહેતા પોતાના કાર્યમાં મગ્ન છે. પોતાની વીસ વર્ષની વૈજ્ઞાનિક કારકિર્દીમાં તેઓએ ક્યારેય જાહેરમાં આવવાનું પસંદ કર્યું ન હતું. આ તો ચાર વર્ષ પહેલાં NASAના સ્પેસ પ્રોગ્રામ અંતર્ગત સ્પેસ સેન્ટરની અવકાશી સફરના કારણે જાહેરમાં આવ્યા હતા. એ પછી તેઓએ જાહેરમાં આવવાનું ટાળ્યું જ. આજે પણ આવા અગત્યના પ્રોગ્રામમાં પ્રધાનમંત્રીના હાથે લૉન્ચિંગના રંગારંગ કાર્યક્રમથી એમને ચીડ થઈ આવી પણ તેઓ લાચાર હતા.

પ્રધાનમંત્રી જ્યારે વૈજ્ઞાનિકોને સંબોધન કરી રહ્યા હતા એ સમયે જ આરાધના સેનની હોટલાઇન પર એક કૉલ આવ્યો. કમ્પ્યૂટર સ્ક્રીન પર રક્તવર્ણ કલરથી 'ડેન્જર' લખેલું હતું. બે હાડકાં અને માનવખોપરીનું ઘૃણાસ્પદ 3D ચિત્ર સ્ક્રીન પર ગોળ ગોળ ફરી રહ્યું હતું અને પછી સ્ક્રીન પર લાલ અક્ષરે ત્રણ લાઈનમાં ત્રણ શબ્દોમાં લખ્યા હતા, 'મિશન પાકિસ્તાન સ્ટાર્ટ'! 'પાકિસ્તાન' શબ્દ કેપિટલ અંગ્રેજીમાં લખેલો હતો. તેઓએ કૉલ રિસીવ કર્યો. AC કેબિનમાં પણ તેઓને પરસેવો વળી ગયો! છતાં પોકળ ધમકી સમજીને ફોન કટ કરવા જાય ત્યાં જ પુરાવા રૂપે તેમના કમ્પ્યૂટર સ્ક્રીન પર એક પછી એક સેટેલાઇટના આંતરિક ફોટા અને પ્લાનની કૉપી દૃશ્યમાન થાય છે. એ ફોટોઝ અને દસ્તાવેજ માત્ર ગણ્યાંગાંઠ્યાં લોકોની જાણમાં જ હતા. ડૉ. સેનને એ દિવસનો અનુભવ યાદ આવે છે, જ્યારે નાસાના અવકાશમથક પ્રોગ્રામ વખતે તેઓ સ્પેસવૉક માટે નીકળ્યા હતાં અને સ્પેસસૂટ અનિયંત્રિત થતાં તેઓ અવકાશમાં ફંગોળાવા લાગ્યાં હતાં. બધું શૂન્ય લાગવા માંડ્યું હતું, નજર સામે મોત તાંડવ કરવા લાગ્યું હતું. અત્યારે પણ આરાધના સેનની હાલત કંઈક અવકાશમાં ફંગોળાવા જેવી જ હતી. એ તો ભલું થજો તેની સાથેના પેલા અમેરિકન સાયન્ટિસ્ટનું કે જેણે અણીના સમયે પોતાને બચાવી લીધી. તેમણે જોયું તો પ્રધાનમંત્રી લૉન્ચિંગ પ્રેસ બટન તરફ આગળ વધી રહ્યા હતા. તેઓ તેમને રોકી લેવા ખુરશી પરથી ઊભા થતાં દોડ્યા. તેઓ જાણતા હતા કે લૉન્ચિંગ તો હવે રોકી શકાશે નહીં, પણ આ કાળી ટીલી પ્રધાનમંત્રીના માથા પર ના ચોંટે તેની એમને ચિંતા હતી. સેટેલાઇટ લૉન્ચિંગ એ કઈ કાર શરૂ કરવા જેવું થોડું છે કે એક બટનથી રૉકેટ ઉડવા લાગે? એ તો કલાકોની ગણતરીઓ, અનેક કમ્પ્યૂટરથી અપાતા વારાફરતી કમાન્ડઝ અને જટિલ અલ્ગોરિધમ પ્રમાણે લૉન્ચિંગ થતું હોય છે.

પ્રધાનમંત્રી જે બટન દબાવવાના હતા એ તો માત્ર શોભા ખાતર અને કરોડો લોકોને ભ્રામક અનુભૂતિ કરાવવાનું એક બહાનું માત્ર હતું. આરાધના સેન દોડે છે. હજુ ઑફિસ બહાર તે પહોંચે ત્યાં તો પ્રધાનમંત્રી બટન દબાવી દે છે. ચારે તરફ તાળીઓનો ગડગડાટ થાય છે. ટીવી સામે બેઠેલો દેશ શ્વાસ થંભાવીને સ્થિર થઈ જાય છે. આરાધના ફર્શ પર ઢગલો થઈ ઢળી પડે છે. વિશાળ સ્ક્રીન પર કાઉન્ટ ડાઉન દેખાવા લાગે છે : 10...9...8...7...6...

# ધ માસ્ક

સન 2024 ('સ્પેસ મિશન ડે'ના વીસ દિવસ પહેલાં)

'મહુવા ઊતરવાવાળા આગળ આવી જાઓ.' કંડક્ટરનો અવાજ સાંભળી અને બસમાં લોકોના સળવળાટથી યુવાનની થાકેલી આંખ થોડી ખુલી. તેણે સ્વસ્થ થતાં બાજુમાં બેઠેલ એક કાકાને પૂછ્યું, 'કયું સ્ટેશન આવ્યું કાકા?' કાકાએ ફસાયેલો ગળફો કાઢવા ગળું ખંખેરી બારી બહાર થૂંકીને મોં પર હાથ ફેરવતાં જવાબ આપ્યો, 'મહુવા.'

યુવાન તુરંત ઊભો થયો અને પોતાના ત્રણ મોટા થેલા એકત્ર કરતો નીચે ઉતર્યો. ધૂળિયું બસ સ્ટેશન અને લોકોની ભીડ જોઈને થોડો અકળાયેલો યુવાન પહેલા સામેની ચાની કીટલી પર ગયો. ત્યાં જઈ ટમ્લરમાં ભરેલા પાણીની થોડી છાલક મોં પર નાખી સ્વસ્થ થયો અને એક ચાનો ઑર્ડર આપ્યો.

મહુવા 'સૌરાષ્ટ્રના કાશ્મીર' તરીકેનું મિથ્યા ગૌરવ લઈને ફરતું એક સમયનું આધુનિક શહેર અન્ય દુનિયાથી પછાત ક્યારે થતું ગયું તેની જાણ ખુદને પણ ન રહી. ભવ્ય કલા, સાહિત્ય, શિક્ષણ, અખૂટ ભૌગોલિક સમૃદ્ધિને ભૂલી શહેર એક મિથ્યા લક્ષ તરફ ભાગી રહ્યું હતું. ભાગી રહ્યું હતું કહેવા કરતાં ભટકી રહ્યું હતું, કારણ કે તેની દોડ કોઈ નિશ્ચિત લક્ષ તરફ ન હતી. અહીંની નિર્દોષ અને ભોળી સ્થાનિક પ્રજાને ભટકાવવાનું કામ મુઠ્ઠીભર નેતાઓ, થોડા ગુંડા તત્ત્વો અને લાલચુ લોકોની મંડળીએ કર્યું હતું. તેઓએ પોતાનો સ્વાર્થ સાધવા સ્થાનિક લોકોને ગરીબી, નિરક્ષરતા અને બેકારીની દોજખમાં કાયમ સડતાં રહે તેવું આયોજન કર્યું હતું. બહુ ઓછા યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવતા હતા. જે શિક્ષિત બનતા તેમાંના મોટા ભાગના મહુવા છોડી બહાર જતા રહેતા હતા. જે વધતા હતા એ એક સામાન્ય માનવીની જેમ પોતાનું જીવનનિર્વાહ કરતાં રહેતા હતા. અહીંના મહત્તમ યુવાનો નશાની આદતમાં ધકેલાઈ રહ્યા હતા. તેઓ બાપુ, પીર અને ચમત્કારના ચક્રમાં એવા ફસાયા હતા કે હવે તેમાંથી બહાર નીકળવું અશક્ય હતું. કોઈ વિરલા મહુવાના ઉત્કર્ષ માટે આગળ આવતા

તો તેઓને સામ, દામ, દંડ, ભેદની નીતિથી ઠેકાણે પાડી દેવામાં આવતા હતા. છેલ્લા થોડા વર્ષોથી મહુવા એક અકળ જાળમાં ફસાઈ રહ્યું હતું. અંધારાના પડછાયા મહુવા પણ ગ્રહણ જેમ છવાઈ રહ્યાં હતાં અને આ વાતની જાણ સ્થાનિક લોકો તો ઠીક ત્યાંના માથાફરેલ કહેવાતા લોકોને પણ ન હતી. તેઓ પણ એ લોકોના ષડ્યંત્રનો હાથો બની રહ્યા હતા.

'બહુ દૂરથી આવતા લાગો છો મહેમાન?' એક બેઠીદડીનો, લાંબા વાળ અને થોડો શ્યામ દેખાતો યુવાન બોલ્યો. પહેલાં તો યુવાનને લાગ્યું કે એ બીજા સાથે વાત કરે છે, પણ પછી જોયું કે આજુબાજુ બીજું કોઈ ત્યાં નથી. એટલે થોડાં થોથવાતાં અવાજે યુવાને કહ્યું, 'હં... હા... અમદાવાદથી.'

'ક્યાં જવાનું છે શેઠ?' પોતાના ખિસ્સામાંથી સાદી બીડી કાઢી યુવાન સામે ધરતાં કહ્યું. યુવાને બીડી લીધી, કાન પર મૂકી પણ જવાબ આપવાનું ટાળી, ચાનો કપ ઉપાડી પીવા લાગ્યો.

'અરે શેઠ આ સામે પડ્યો એ ટેમ્પો મારો છે, કહો ત્યાં મૂકી જાઉં.' બેઠીદડીનો માણસ પીછો છોડવા માંગતો ન હોય તેમ બોલ્યો.

'નજીકમાં કોઈ ગેસ્ટહાઉસ હોય તો...'

'અરે આ સામે રહ્યું, એમાં વાહન ભાડે કરવાની કઈ જરૂર નથી. ચાલતાં જતા રહો.' યુવાનની વાત અડધેથી કાપતાં છકડાવાળાએ કહ્યું.

'મારી સાથે સામાન વધારે છે. તમે મૂકી જાઓ તો સારું. ભાડું જે થાય તે લઈ લેજો.' યુવાને કહ્યું.

'હોય શેઠ, પાંચ ડગલે હોય એવા ઠેકાણે ગોળ ગોળ ફેરવી પાંચ કિલોમીટરનું ભાડું વસૂલે એવો અમદાવાદી રિક્ષાવાળો હું નથી. તમે બેસો, મારે ત્યાંથી જ આગળ જવાનું છે. તમને ઉતારતો જઈશ.' એ બેઠીદડીનો માણસ બોલ્યો. આગંતુકે હવે છકડાંવાળાનું પૂરું નિરીક્ષણ કર્યું. એ માણસે ડાબા સાથળ પર લાલ કલરની એમ્બ્રૉઇડરી કરેલું જિન્સ પહેરેલું હતું અને ઉપર ઑરેન્જ ટીશર્ટ. બન્ને વસ્ત્રો ઘણા અંશે મેલા હતા, પણ તેની આંખોમાં એક પ્રકારની નિર્દોષતા હતી. યુવાનને આ કામનો માણસ લાગ્યો. તેણે કહ્યું, 'ભલે, પણ ભાઈ તમારું નામ?'

'ભગો... ભગવાન...' બોલતાં એ ઊભો થઈ બેગ ઊપાડવા લાગ્યો.

'અરે! ભગવાનભાઈ તમે રહેવા દો, સામાન હું ગોઠવી દઈશ.' યુવાને કહ્યું. 'ભગા' નામથી ઓળખાતો, વિધવા મા સાથે ગરીબીમાં ઊછરેલો ભગો હંમેશાં અપમાન સહીને મોટો થયો હતો. આજે પહેલી વાર કોઈએ 'ભગવાનભાઈ' કહેતા થોડું અજુગતું છતાં સારું લાગ્યું. તેણે કહ્યું, 'ના શેઠ, મારે તો આ રોજનું છે. પણ તમારું નામ શું?'

'દીપ.' યુવાને પોતાની બેગ છકડામાં ગોઠવતાં કહ્યું.

ફટ્... ફટ્... ફટ્... જેવી ધણધણાટી કરતો અને ધુમાડાના ગોટા કાઢતો 'છકડો' ચાલ્યો. એ જ સમયે એક ટેક્સી છકડાની પાછળ પાછળ ગેસ્ટહાઉસના દરવાજાથી થોડે દૂર આવી ઊભી રહી. દીપના અંદર પ્રવેશી ગયા પછી પણ એ ત્યાં ઊભી રહી. ટેક્સીની પાછળની બેઠક પરથી સિગારનો ધુમાડો બહાર આવી રહ્યો હતો.

■

સિટી પૅલેસ ગેસ્ટહાઉસનાં કાઉન્ટર પર 'દીપ ચૌહાણ, અમદાવાદ' નામથી ચેક ઇન કરી, પોતાનો સામાન ઊંચકી 13 નંબરની રૂમ તરફ ચાલ્યો. પાછળ ભગો એક બેગ આગ્રહ કરીને ઉપાડી અંદર મૂકી ગયો. દીપે વોલેટ કાઢી સો રૂપિયાની નોટ ભગાના હાથમાં આપવા પ્રયાસ કર્યો, પણ ભગાએ હાથ પાછો ખેંચી લીધો. 'ના, દીપભાઈ, આટલામાં ભાડું ન હોય.'

'તમે રોજનું કેટલું કમાઈ લો ભગાભાઈ?' દીપે પૂછ્યું.

'500–600 રૂપિયાનો દિવસ પડી જાય એટલે આપણી રામ રોટી ચાલી જાય. વધારે માથાકૂટ ન જોઈએ.' ભગાએ સંતોષ અને ગર્વમિશ્રિત ભાવે કહ્યું.

'એક કામ કરો ભગાભાઈ, કાલ સવારથી તમે મારી સાથે ચાલો. હું રોજના સાતસો રૂપિયા તમને આપીશ. તમારે બસ મને હું કહું ત્યાં ફેરવવાનો.' – દીપ બોલ્યો.

'બહુ સારું, દીપભાઈ, પણ કેટલા દિવસ? અને તમારે આસપાસના કયાં સ્થળો ફરવાના છે?' ભગાએ પૂછ્યું.

'હું સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ચૂનાના બનેલા પથરાળ કિનારાઓમાં થતાં

ધોવાણ અને એના ઉપાયો વિશે સંશોધન કરવા આવ્યો છું. કદાચ આઠ–દસ દિવસથી વધુ રોકવાનું થાય. તમને અનુકૂળ પડશેને?' દીપે પોતાના આવવાનો ઉદ્દેશ જણાવ્યો.

'હા, આ દરિયાકાંઠો તો હું પગે ફરેલો. તમને બધે ફેરવીશ અને કાઠિયાવાડી મહેમાનગતિ પણ કરાવીશ.' ભગો ઉત્સાહમાં બોલ્યો.

'તો કાલે સવારે સાત વાગ્યે આવી જજો.' દીપે શેકહેન્ડ કરવા હાથ ભગા તરફ લંબાવતાં કહ્યું. ભગો હાથ મેળવી બહાર નીકળ્યો.

ભગાને એકલાને જ પોતાનો ટેમ્પો લઈ જતો જોઈ, ગેસ્ટહાઉસની બહાર ઊભેલી અજાણી ટેક્સીની પાછળની સીટ પર બેઠેલા વ્યક્તિએ પોતાની સિગારનો વધેલો ટુકડો બહાર ફેંકી કાચ બંધ કર્યો. ટેક્સી ધીમેથી નીકળી ગઈ.

■

દીપે પેલા તો કૉલ કરી પોતાના માટે જમવાનો ઑર્ડર આપ્યો અને પછી બાથરૂમમાં જઈ કાચમાં પોતાનો ચહેરો જોયો. પાંચ ફૂટ સાત ઇંચનું મજબૂત શરીર. શરીર પર વધારાની ચરબીનો એક પણ અંશ નહીં. એક સફળ ઍથ્લીટ જેવું શરીર સૌષ્ઠવ. ચહેરો થોડો સખત, પણ સોહામણો. એ ચહેરા પર થોડાં થોડાં કાળા ડોટ હતા. દીપે ધીરેથી પોતાના ગળા નીચેથી પારદર્શક માસ્ક જેવા પેપરને ખેંચીને ચહેરા પરના કાળા ડોટ્સવાળું માસ્ક હટાવી દીધુ. હવે ચહેરો એકદમ ગ્રીક ગોડ જેવો દેખાતો હતો. દીપ થોડીવાર ગ્રીક કથાના નર્સીસસની જેમ થોડી ક્ષણ માટે ખુદના પ્રેમમાં પડી ગયો. એણે ગરમ હૂંફાળા પાણીથી સ્નાન કરી, આવેલું ભોજન કરી પથારીમાં લંબાવ્યું. આવનારા ભાવિના વમળમાં ભૂસકો મારતાં પહેલાં આ તેની છેલ્લી નિરાંતની ઊંઘ હતી એ તે સારી રીતે જાણતો હતો, પણ મોતને ઓશીકે મૂકીને સુવા જ એ જન્મ્યો હતો. થોડી પળોમાં ઘસઘસાટ ઊંઘી ગયો.

# નામ

સન 1999

કડકડતી ઠંડીના કારણે વાતાવરણ એકદમ શાંત હતું. આમ પણ શિયાળામાં માઇનસમાં જતાં તાપમાનના કારણે લોકો વહેલાં જ ઘરમાં ભરાઈ જતાં હોય છે. અત્યારે તો રાતના અગિયાર વાગ્યા હતા. આખું નગર નિદ્રાની આગોશમાં હતું. બરફના હળવાં ફોરા પડી રહ્યા હતા. શિયાળની લાળી અને દીપડાની ઘુરકી વાતાવરણ ભયજનક બનાવી રહ્યા હતા. કુમાઉ–નાગા રેજિમેન્ટ ચેક પોસ્ટ પરના ચાર જવાન તાપણી ફરતે બેસી શરીરને ઠંડી સામે રાહત મળે એ માટે ગરમ કાવો પી રહ્યા હતા. એવા વાતાવરણમાં ગાડીની લાઇટથી ડ્યૂટી પરના જવાન સતર્ક થઈ રોડ પર આવી ગયા. એક ટાટા સુમો ચેક પોસ્ટ પર આવી ઊભી રહી. સતર્ક જવાન ગાડીની ડ્રાઇવિંગ સાઇડ પર ગયો. ગાડીનો કાચ ખૂલ્યો. તેમાં બેઠેલા નકાબપોશ આદમીએ એક કાર્ડ બતાવ્યું, જેમાં કોઈનો ફોટો નથી પણ ભારત સરકારની મુદ્રા સાથેનો એક સિક્રેટ નંબર લખેલો હતો. કાર્ડ જોઈ જવાને સેલ્યૂટ મારી. કાચ બંધ થાયો. રસ્તા સામેના બેરીયર ખૂલ્યા અને કાર આગળ વધી. રાનીખેત શહેરથી સોમનાથ સ્ટેડિયમના રસ્તે.

‘કોણ હતું?’ તાપણાં પાસે બેઠેલ અન્ય જવાનો પૈકી એક પૂછે છે.

‘એ જ... મિસ્ટર ઇન્ડિયા! પણ આ વખતે તેની બાજુમાં એક નાનકડું બાળક પણ હતું! સમજાતું નથી કે એ શું કરી રહ્યો છે?’ ઠંડીથી ઠુઠવાયેલ હાથને તાપણાં તરફ તાકતાં આવનાર જવાને કહ્યું.

અન્ય એક જવાને કહ્યું, ‘દરેક લડાઈ હથિયારથી નથી જીતી શકાતી. હથિયાર તો અંતિમ વિકલ્પ છે. કદાચ એ પણ સિક્રેટ યોદ્ધો હોય તો કોને ખબર!’

બીજા જવાનોએ આવી વાતમાં રસ ના હોય તેમ મૌન રહી તાપણાં પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ એમનું રોજનું થયું હતું. આમ પણ એ અજાણ્યા માણસ બાબતે વધારે ખણખોદ કે પૂછપરછ ન કરવા માટે તેઓના ઉપરીની કડક સૂચના પણ હતી.

■

હિમાલયની પર્વતમાળાની ટોચ પર સૂર્યપ્રકાશ પડવાથી પહાડની ટોચ ચમકી ઊઠી હતી. રાનીખેત શહેર આળસ મરડીને ઊભું થતું હોય તેમ ધીરે ધીરે રસ્તા પર હળવો સંચાર શરૂ થયો હતો. સવારના કુમળાં તડકામાં ચીફ સૂર્યનમસ્કાર કરી રહ્યા હતા. ટ્રેક સૂટમાં એમનું શરીર સૌષ્ઠવ સ્પષ્ટ દેખાય આવતું હતું. સાઠ વટાવ્યા છતાં તેઓના શરીર પર ઉંમરની અસર વર્તાતી ન હતી. લશ્કરી શિસ્ત અને નિરામય જીવનશૈલીનો પ્રભાવ એમના દેહ પર જોવા મળતો હતો. એમના ચહેરાની કઠોરતા અને ગાલથી લઈ ડોક સુધી પડેલા સંગ્રામોના જૂના ઘાના નિશાનમાંથી રૌદ્રતા છલકાતી હતી. ભરાવદાર અંકોડા ચડાવેલી મૂછ અને ટૂંકા વાળ એમના દેખાવને વધુ ભયાનક બનાવતા હતા. દેવદાર અને પાઇનના ઘેઘૂર જંગલ વચ્ચે એમનું આ નિવાસસ્થાન આવેલું હતું. જ્યાં સવારથી સાંજ પક્ષીઓનો મધુર કલરવ અને લંગૂરની કૂદાકૂદ, સાબરની અવરજવરથી વૃક્ષના સૂકાં પાનના મીઠા ધ્વનિ સિવાય વાતાવરણ એકદમ શાંત રહેતું હતું. ક્યારેક દીપડાના અવાજો આ શાંતિને ચલિત કરી જતા હતા.

ઓચિંતા કોઈ બાળકના રડવાના અવાજે ચીફને પોતાના વ્યાયામમાં ખલેલ પહોંચાડી. ઘણાં સમય બાદ આ કેમ્પસમાં નાના બાળકના રડવાનો અવાજ ગૂંજ્યો હતો. ચીફ દોડતાં રૂમ તરફ જાય છે. અંદર ત્રણેક વર્ષનું બાળક ઊંઘમાંથી જાગીને અજાણી જગ્યા પર પોતાને જોતાં જોર જોરથી રડતું હતું. દરવાજા પર કોઈને જોતાં ગભરાયેલું બાળક શાંત થઈ ગયું. ચીફના દેખાવનો ડર બાળકની આંખમાં કળાઈ આવ્યો. ચીફ બાળકને તેડી બહાર આવ્યા અને આજુબાજુ ચહેકતાં પક્ષીઓ બતાવી બાળકના હૃદય સુધી પહોંચવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. એમણે બાળકને દૂધનો એક કપ આપ્યો. બાળકે દૂધ પીવાની આનાકાની કરી. થોડીવાર સમજાવટ પછી પણ બાળકે જીદ ન છોડતાં ચીફે લાલ આંખ કરી. બાળક ફટાફટ દૂધ પી ગયું. એમણે બાળકને સ્નાન કરાવ્યુ અને ગઈ કાલે લઈ આવેલા નવા કપડાંમાંથી એક જોડી કપડાં અને ઉપર ગરમ જેકેટ, ટોપી અને મોજા પહેરાવ્યાં. એક બેગમાંથી રમકડાં કાઢ્યાં. જેમાં પિસ્તોલ, રાઈફલ અને બીજા હથિયારની પ્રતિકૃતિ હતી. બાળક પહેલી જ વાર આવા રમકડાં જોતો હોય તેમ કુતૂહલપૂર્વક રમવા લાગ્યો. એટલામાં જ ટેલિફોન રણક્યો.

‘હેલ્લો...’ ચીફે ફોન પર શુષ્ક અવાજે કહ્યું.

'ગુડ મોર્નિંગ ચીફ' સામેથી ભરાવદાર અવાજ સંભળાયો.

'જય હિન્દ સર' ચીફનું લશ્કરી ઢબે ટેવાયેલું શરીર ટટ્ટાર થયું.

'કેવી રહી યાત્રા?'

ચીફે ફોનની બાજુમાં રહેલ સોફા પર બેસતાં કહ્યું, 'ફાઇન, અને એક બાળક પણ સાથે લાવ્યો છું. અનાથાશ્રમવાળા પણ હવે આ રીતે બાળક નહીં આપવાની ના કહી રહ્યાં હતાં અને પહેલાં લઈ આવેલ બાળક બાબતે પણ તેઓ પૂછપરછ કરતાં હતાં.'

'એ બાબતે એ લોકો સાથે મારે વાત થઈ ગઈ છે. મેં કહ્યું છે તેઓને કે તમારું બાળક સલામત હાથમાં છે.' થોડી ઔપચારિક વાતો કરી ફોન મૂકી ચીફ બાળક સાથે રમવા લાગ્યાં. સાયુજ્ય સ્થાપવાના પ્રયાસ રૂપે.

■

દસેક દિવસ પછી બાળક ચીફ સાથે થોડું હળીમળી ગયું. એક સવારે ચીફે બાળકના કપડાં, રમકડાં અને બીજી જરૂરી સામગ્રીની બેગ પેક કરી. ઘરનો મુખ્ય દરવાજો અંદરથી બંધ કર્યો. બાળક અને બેગ લઈ કિચનમાં આવ્યાં. રસોડામાં રહેલ રેફ્રિજરેટર ખોલી તેમાં રહેલ રેગ્યુરેટરને નિશ્ચિત કોણ પર ઘુમાવ્યું. દિવાલમાં જાણે જીવ આવ્યો હોય તેમ થોડી હલનચલન થઈ અને એક ગુપ્ત દરવાજો ખૂલ્યો. અંદર એક લિફ્ટ હતી. ચીફે સામાન અને બાળક સાથે અંદર જઈ ગુપ્ત રસ્તાનો દરવાજો બંધ કરી લિફ્ટનું બટન દબાવ્યું. લગભગ એક મિનિટ સુધી જમીનની અંદર લિફ્ટ ચાલ્યા પછી અટકી. હવે ચીફ એક વિશાળ હોલમાં હતા, જ્યાં પ્રકાશ માટે લાઇટની વ્યવસ્થા હતી.

સામે રહેલો દરવાજો ખૂલ્યો અને એક દુબળો–પાતળો દેહ ધરાવતો, દાઢી–મૂછધારી આધેડ વિખરાયેલ વાળ અને કપડાં માત્ર અંગ ઢાંકવા લટકાવ્યા હોય તેમ શરીર પર પહેરેલા હતા. આવા લઘરવઘર હાલમાં પણ એ પૂરા જોશમાં બોલ્યો, 'ગુડ મોર્નિંગ ચીફ. ઘણા દિવસે દર્શન થયા આપના.'

'મોર્નિંગ પ્રોફેસર. એક અગત્યના કામથી બહાર હતો.' ચીફ બોલ્યા.

'તમારે બહાર ફરવા જેટલી આઝાદી તો છે. અમારે તો કાયમની બેડીઓ જકડાઈ ગઈ છે.' પ્રોફેસરે થોડા નિરાશાના ભાવ સાથે કહ્યું.

'આ બેડીઓ તમે સ્વેચ્છાએ પહેરેલી છે પ્રોફેસર.' ચીફ થોડા ગુસ્સા સાથે બોલ્યા પણ તેની વાત અધવચ્ચે જ કાપી નાખતાં હસતાં હસતાં પ્રોફેસર બોલ્યા, 'અરે ચીફ ગુસ્સો ન કરો, થોડી મજાક કરવા જેટલી તો આઝાદી આપો.' પછી બાળક તરફ નજર નાખતાં કહ્યું, 'આ બીજું બાળક ક્યાંથી ઉપાડી લાવ્યાં.' બાળકને પૂછ્યું, 'તારું નામ શું છે?'

'ખબરદાર પ્રોફેસર...' ચીફની ગંભીર ગર્જનાથી અન્ય ઓરડામાંથી એક વયસ્ક અને એની સાથે એક દસેક વર્ષનો છોકરો બહાર ધસી આવ્યા. 'કાન ખોલીને સાંભળી લો પ્રોફેસર સુબ્રમણ્યમ, ડૉક્ટર શિંદે અને ભારત તું પણ, કોઈ આ બાળકને નામ પૂછશે નહીં અને કોઈ નામ આપશે નહીં. એ અનામી જ રહેશે.' ચીફ એકીશ્વાસે ઊંચા અવાજે બોલી ગયા. એમના આવા રૌદ્ર રૂપથી નાનકડું બાળક પણ ગભરાઈ ગયું.

'પણ ચીફ નામ વિના એને બોલાવવો કેમ?' ડઘાઈ ગયેલા પ્રોફેસરે કહ્યું.

'એને બોલાવવાવાળા આપણે માત્ર ચાર જણ છીએ. એને કોઈ પણ અવાજ આપશો તો એ સામે જોશે જ.' ચીફ બોલ્યા.

'આપણે તેને નંબર આપીએ તો?' ભારતે પોતાનો વિચાર વ્યક્ત કર્યો.

'ના એટલે ના. કોઈ એને કોઈ નામ કે નંબરથી બોલાવશે નહીં તેની ખાસ તકેદારી રાખવી. આને વિનંતી નહીં મારો હુકમ સમજવો.' ચીફે દૃઢ અવાજે કહ્યું.

'પણ નામથી બોલાવવામાં વાંધો શો છે?' અત્યાર સુધી મૌન રહેલા ડૉક્ટર શિંદે બોલ્યા.

'નામ! નામ જ છે જે માનવીને મહત્ત્વાકાંક્ષા તરફ દોરી જાય છે. એક શિશુને નામથી બોલાવતાં તેના માટે એ પ્રારંભે માત્ર એક ધ્વનિ જ હોય છે, પણ જેમ જેમ એ મોટો થાય તેમ તેમ એ ધ્વનિને પોતાનું અવિભાજ્ય અંગ સમજવા લાગે છે. સમજદાર થતા એ જાણી જાય છે કે શરીર તો નશ્વર છે, નામ અમર છે! આ તેની પોકળ ધારણા અને જિજીવિષા માત્ર છે. અને જિજીવિષાને અમર કરવા જ માણસ હિંસા, ભ્રષ્ટાચાર, અસત્ય જેવા પાપ તરફ દોરાતો હોય છે. કાર્યકારણના સિધ્ધાંત અનુસાર માણસ કોઈ પણ કાર્ય કારણ વિના નથી કરતો. મહત્ત્વાકાંક્ષી માનવ જે કાર્ય કરે તે પાછળ કશું મેળવી લેવાની લાલચ

કારણભૂત હોય છે. એ પછી ધન હોય, સત્તા હોય, સ્ત્રી હોય કે બદલો, પણ આ બધામાં સહુથી વધુ ખતરનાક છે નામ મેળવવાની ઘેલછા. નામ મેળવવાની આ મહત્ત્વકાંક્ષા માણસને નિમ્નતાના સ્તરે લઈ જાય છે અને એ પોતાની સાથે અનેક લોકોને લઈ ડૂબે છે. એટલે જેને નામ નથી તેને નામના મેળવવાનો મોહ નહીં થાય અને હા, બદનામ થવાનો ડર પણ નહીં રહે.' સૈનિકની અંદરનો ચિંતક જાગી ગયો હોય તેમ ચીફ એકીશ્વાસે બોલી ગયા.

થોડી ક્ષણ માટે હોલમાં સ્તબ્ધતા સાથે શાંતિ પથરાઈ ગઈ. બાળકના ડૂસકાં ખાવાના અવાજે બધાને સચેત કર્યા. 'ભારત તું આને તારી સાથે રમવા લઈ જા અને પ્રોફેસર અને ડૉક્ટર શિંદે તમે બંને મારી સાથે કેબિનમાં આવો.' કહી ચીફ પોતાની કેબિન તરફ ચાલવા લાગ્યા. ભારત પહેલી વખત નાના બાળકને જોઈ હર્ષિત થયો. બાળકને હાથમાં પકડી પોતાના રમવાનાં નાનકડાં પ્લે એરિયા તરફ દોરી ગયો. શિંદે અને સુબ્રમણ્યમ ચીફને અનુસરતા તેની પાછળ કેબિનમાં ગયા.

■

21 મે, 1991ની એ રાત્રે તમિલનાડુના શ્રીપેરુમ્બદૂર શહેરમાં લોકોની ભીડ જામી હતી. આજે પોતાના પ્રિય નેતા રાજીવ ગાંધીને રૂબરૂ નિહાળવાની તક જતી કરવા માંગતા ન હતા. અલગ અલગ સભાઓ કરતાં રાજીવ ગાંધીને ચેન્નઈથી શ્રીપેરુમ્બદૂર પહોંચતા રાતના લગભગ દસ વાગી ગયા હતા. એમનું સ્વાગત કરવા રાજનેતાઓ અને સ્કૂલના વિદ્યાર્થીઓ પણ હાથમાં પુષ્પમાળા અને પુષ્પગુચ્છ લઈને ઊભા હતા. પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધી પધારતા જ ઔપચારિક વિધિ બાદ સ્વાગત વિધિ શરૂ થઈ. વિદ્યાર્થીઓ શાળામાં મળેલ માર્ગદર્શન અને પૂર્વ સૂચના મુજબ રાજીવ ગાંધીને પુષ્પગુચ્છ આપી પ્રણામ કરી આગળ વધી ગયા. આજ ક્રમમાં એક સ્ત્રી આવી. એણે રાજીવ ગાંધીને ફૂલનો હાર પહેરાવ્યો અને તુરંત પોતાની કમર પરનું એક બટન દબાવ્યું અને એક ભયાનક ધમાકો થયો. માનવબૉમ્બ બની આવેલ સ્ત્રી સાથે રાજીવ ગાંધીનો દેહ ક્ષત–વિક્ષત થઈ નિષ્પ્રાણ બની ગયો. સાથે અનેક લોકો અને નિર્દોષ બાળકો પણ કાળનો કોળિયો બની ગયા. LTTEના આતંકી હુમલાથી ભારત દેશમાં જ નહીં, પણ આખા વિશ્વમાં હાહાકાર મચી ગયો.

પોતાની જ શાળાના ત્રણ બાળકોના મોતના ખબર સાંભળી વેંકટ સુબ્રમણ્યમના ગાત્રો ઢીલા પડવા લાગ્યા. આજીવન ગાંધી વિચારને વળગી રાષ્ટ્રનિર્માણ માટે જીવન ન્યોછાવર કરી દેનાર આ ખાદીધારી શિક્ષક આજે અંદરથી તૂટી ગયો હતો. રાષ્ટ્રસેવા કાજે લગ્ન પણ ના કરનાર વેંકટ માટે શાળાના બાળકો જ સર્વસ્વ હતા. આ મેધાવી શિક્ષકની અંદરનો આત્મા પોકાર કરી ઉઠ્યો. હવે દેશને મોતના ખપ્પરમાં હોમાતાં રોકવો રહ્યો. તેમના આત્માનો અવાજ કોઈ સાંભળી ગયું હોય તેમ એક દિવસ એમના નામે એક પોસ્ટ આવે છે, જેમાં રાનીખેત પહોંચવાની ટિકિટ હતી અને સાથે હતો એક લીટીનો પત્ર!

> ‘બાળકોના મૃત્યુનો શોક ત્યજી રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા પહોંચી જાઓ.’
>
> – ચીફ

...અને એક દિવસ પોલીસ સ્ટેશનમાં વેંકટ સુબ્રમણ્યમના ગાયબ થવાની ફરિયાદ શાળાના આચાર્યએ નોંધાવી. સાથે જણાવ્યું કે વેંકટનું મગજ ચસકી ગયેલું હતું. લાગે છે ગાંડો થઈ ક્યાંક ચાલ્યો ગયો હશે. થોડી ઘણી તપાસ પછી પોલીસ અને શાળા પણ વેંકટને ભૂલી ગયા. જ્યારે વેંકટ સુબ્રમણ્યમ પોતાના રાષ્ટ્રનિર્માણના મનસૂબા સાથે નીકળી પડ્યા રાનીખેત.

વેંકટ સુબ્રમણ્યમ બસસ્ટેશન બહાર નીકળે છે ત્યારે એક ઘોડાગાડીવાળો એમની નજીક આવે છે. એણે ઠંડીથી બચવા માથા પર મફલર વીંટેલું હતું. તે બોલ્યો, ‘બેસી જાઓ, સુબ્રમણ્યમ સાહેબ.

‘કોણ?... ચીફ?’

‘હા, જલદી બેસો.’ વેંકટ સુબ્રમણ્યમએ ઘોડાગાડીમાં બેસે છે અને રસ્તામાં જ ચીફ આખી વાત સમજાવે છે. જેમાં એમને શક્ય હોય એટલી વધારેમાં વધારે ભાષાઓ શીખવા અને શક્ય હોય તેટલું વધારે જ્ઞાન મેળવવા બે વર્ષનો સમય આપવામાં આવે છે. ત્યારબાદ તેઓ કાયમ માટે એક ગુપ્ત સ્થાન પર રહેશે, જ્યાં એમને પોતાનું જીવન વ્યતીત કરવાનું રહેશે. આ કામના બદલામાં કોઈ પારિતોષિક કે સન્માન તો દૂર, પણ તેના નામની નોંધ પણ નહીં લેવામાં આવે!

■

'બ્લેક ફ્રાઈડે'થી કુખ્યાત અને દેશભરમાં ઇસ્લામિક આતંકનો પગપેસારો કરનાર 12 માર્ચ, 1993નો એ દિવસ ભારતના ઇતિહાસને એક વિચિત્ર મરોડ આપતો દિવસ હતો. મુંબઈમાં એક પછી એક બાર જગ્યા પર થયેલા બૉમ્બ ધડાકાથી દેશ ખળભળી ગયો હતો. લગભગ અઢીસો જેટલા લોકો મોતને ભેટ્યા હતા. 700થી વધુ લોકોને શારીરિક ઈજા પહોંચી હતી. માનસિક ઈજા પહોંચનાર લોકોની સંખ્યા ગણવાની પરવાહ કોઈએ લીધી ન હતી. આવો જ માનસિક આઘાત પામનાર એક શખ્સ હતા, ડૉ. પ્રફુલ શિંદે. જેઓ એક ખ્યાતનામ વૈજ્ઞાનિક હતા. એમના એકના એક પુત્રના તાજેતરમાં જ લગ્ન થયા હતા. નવદંપતી એ દિવસે ફિલ્મ જોવા ગયા હતા. પ્લાઝા સિનેમા પર થયેલ વિસ્ફોટે હસતાં ખેલતાં નવદંપતીનો ભોગ લીધો હતો. ડૉ. શિંદેના મગજમાં બદલાની ભાવના અને ક્રોધની લાગણીએ ઝંઝાવાત જગાવ્યો હતો. એમને પણ એક દિવસ ચીફનું તેડું આવ્યું અને થોડા દિવસ પછી સ્થાનિક અખબારમાં એક નાનકડી નોંધ આવી "પોતાના પુત્ર અને પુત્રવધુના મોતથી વ્યથિત વૈજ્ઞાનિક પ્રફુલ શિંદે મુંબઈથી પુના જતા કાર પરનો કાબુ ગુમાવ્યો અને કાર ખીણમાં ધસી પડતા ડૉ. શિંદેનું દુઃખદ નિધન!"

■

ચીફ ઑફિસમાં ચેર પર બેસી સિગારેટ સળગાવીને ગંભીર અવાજે બોલ્યા, 'હવે આપણે આજથી જ શરૂઆત કરી દઈએ. શિંદે તમારા 'ફિંગરપ્રિન્ટ રિમૂવ પ્રોજેક્ટ'નું શું થયું?'

'લગભગ શ્યોર છું, પણ આ નવા શિશુ પર અજમાવતાં મને થોડો ડર લાગે છે.' શિંદે બોલ્યા.

'આપણે લાગણીઓથી કામ લઈશું તે નહીં પોસાય. મોટી ઇમારતના નિર્માણ થતા પાયામાં અનેક પથ્થર ધરબાઈ જતા હોય છે. તે કોઈને દેખાતા પણ નથી અને તેની નોંધ પણ કોઈ લેતું નથી. છતાં યાદ રહે કે એ ઇમારત આ પાયાના પથ્થરના આધારે જ ટકેલી છે. તમે, હું, ભારત અને પેલું બચ્ચું આ પાયાના પથ્થર છીએ. લાખો નિર્દોષ લોકો શાંતિથી જીવી શકે એ માટે આપણે થોડું બલિદાન તો આપવું જ રહ્યું.' ચીફના અવાજમાં ઉગ્રતા હતી.

'સોરી ચીફ, આ તો માનવનું હૃદય છે એટલે થોડી ભાવનામાં તણાઈ જવાય

છે.' શિંદે બોલ્યા. પ્રોફેસર સુબ્રમણ્યમે હંમેશની જેમ દલીલમાં ઉતરવા કરતાં મૌન રહેવાનું પસંદ કર્યું.

ચીફ એકાએક ટેબલ પર હાથની મુઠ્ઠી પછાડતાં બોલ્યાં 'ધેટ્સ પોઇન્ટ... બસ આ લાગણી, સંવેદના, માનવતા... આ... આ... કહેવાતી મહાન ફિલૉસૉફી કમસેકમ આપણાં મિશન માટે એકદમ વાહિયાત છે. અને રહી વાત હૃદયની, તો ભાવ મગજમાં જન્મે છે. હૃદયની સાથે તેણે જોડવાનું કામ કોઈ નવરા-ધૂપ કવિની કોરી કલ્પના માત્ર છે. હવે હું જે વાત કહેવા જઈ રહ્યો છું તે ધ્યાનથી સાંભળો.' પ્રોફેસરે તુરંત મહત્ત્વની વાત ટપકાવવા માટે પોતાની ડાયરી-પેન કાઢ્યાં.

ચીફ ઊભા થઈ શિંદેની ખુરશી પાછળ આવી તેની ખુરશીને બન્ને હાથથી પકડતાં બોલ્યાં 'તમે લોકોએ રોબૉટ વિશે તો સાંભળ્યું જ હશે. જીવરહિત અને સંવેદનારહિત હોવા છતાં દરેક કામ કરી જાણે છે. યંત્રને માણસના રૂપમાં તમે જોયો હશે. મારે માણસને રોબૉટ બનાવવો છે અને એ માટે પેલું બચ્ચું એકદમ બેસ્ટ ઑપ્શન છે.'

'પણ...' પ્રોફેસર આ વાત સાંભળી થોડા ડઘાઈ ગયા અને પહેલી વખત દલીલ કરવા મોં ખોલ્યું, પરંતુ ચીફના ઊંચા થયેલા હાથના ઇશારાથી તેઓ ચૂપ રહ્યા. ચીફે વાત આગળ ધપાવી. 'આ બાળકને અત્યારથી એવો ટ્રેઇન કરો કે એ કોઈ માનવીય ભાવનાઓમાં તણાયા વિના ઝડપી નિર્ણય લે. એની ઓળખ છુપી રહે એ માટે ડૉક્ટર તમારે ફિંગરપ્રિન્ટ રિમૂવર અને આઇપ્રિન્ટ રિમૂવર પર સત્વરે કામ કરવાનું છે.'

ડૉક્ટર શિંદેએ આ ગુપ્ત મથકમાં પોતાની લેબમાં અવનવાં પ્રયોગો કર્યા હતા. એમાં એક પ્રયોગ ફિંગરપ્રિન્ટ રિમૂવનો હતો. જેમાં પાંચ વર્ષથી નાના બાળકના શરીરના બોનમેરો સૅમ્પલ લઈ તેને ખાસ પ્રકારે પ્રોસેસ કરી ફરી બાળકના શરીરમાં દાખલ કરવામાં આવે તો થોડા સમય પછી એ બાળકની ફિંગરપ્રિન્ટની છાપ નવી આવતી ચામડી સાથે જ બદલાયા કરે. અમુક દિવસ પછી આવનારી નવી ચામડી સાથે જ ફિંગરપ્રિન્ટ પણ નવી આવે. લંગૂર – વાંદરા પર આ પ્રયોગ કરવામાં ડૉક્ટર સફળ રહ્યા હતા. બીજો પ્રયોગ આંખની છાપ ભૂંસવાનો હતો. દરેક માણસની આંખની સંરચના અલગ અલગ હોય

છે, પણ શિંદેએ શોધેલા આઇ ડ્રોપ માણસની આંખની સંરચના પેટન્ટ બદલી કાઢવામાં સફળ હતા.

'પણ આ બાળક બાબતે આપ આટલા શ્યોર કેમ છો?' શિંદેએ કહ્યું.

'આ બાળકનો આઈ. ક્યુ. 240 છે. જે અવિશ્વાસનીય છે. તેના બોડી રિપોર્ટમાં કોઈ સમસ્યા નથી અને તેના ડી. એન. એ. રિપોર્ટ તંદુરસ્ત હોવાની ખાતરી આપે છે. મારી વર્ષોની શોધ પૂરી થઈ.' ચીફે ખુરશી પર બેસતાં કહ્યું.

'તો ભારતમાં શું વાંધો છે?' પ્રોફેસર બોલ્યા.

'હં... એક તો એના પર ફિંગરપ્રિન્ટ રિમૂવવાળી ટેકનોલોજી અજમાવી શકાય તેમ નથી, બીજું કે એ થોડો લાગણીશીલ છે. મારે 100% માનવ રોબૉર્ટ જોઈએ છે.' ચીફ બોલ્યા.

થોડી વાર શાંતિ છવાઈ ગઈ. ચીફ ઊભા થતા બોલ્યા, 'મીટીંગ ઇઝ ઓવર અને હા પ્રોફેસર, તમારે ભારતની સાથે આ છોટુને પણ શક્ય હોય એટલી ભાષામાં પારંગત કરવાનો છે. સાથે દરેક વિષયનો અભ્યાસ તો ખરો જ. માર્શલ આર્ટ અને હથિયાર ચલાવવાની ટ્રેનિંગ તેને ભારતની સાથે આપવાની શરૂ હું કરીશ, પણ તેને હજુ થોડી વાર છે.' અને ચીફ બહાર નીકળી ગયા.

પ્રોફેસર વિચારી રહ્યાં હતાં કે, આવા ખુફિયા મિશન પર લાગેલો આ અર્ધ-પાગલ ચીફ કે જેના માટે દેશથી વધારે ઇમ્પૉર્ટન્ટ કશું નથી, આ માણસ કોણ છે? ત્યારે શિંદે પોતાના સુપર હ્યુમન બનાવવાના ખ્વાબને સાકાર થતું જોઈ મનમાં હર્ષ પામતાં હતાં.